# BUSINESS મિત્ર Plus

# સ્પેસએક્સના ધમાકેદાર લિસ્ટંગ અને ઈરાન પીસ ડિલની આશાએ શેરબજારોની તેજીને ટર્બો બુસ્ટ

અમેરિકા ઈરાન વચ્ચે પીસ ડિલ થવાની પ્રબળ આશાવાદ. એઆઇ મેમરી શેરોમાં તેજીનું શાનદાર કમબેક અને આગામી બુધવારે ફેડની બેઠકમાં વ્યાજદર નહી વધે, ફેડનું ગાઈડન્સ હોકીશ નહી રહે એવી આશાએ ડાઉન નાસદાક, કોસ્પી વગેરે ટેક શેરોમાં મૂડ અપબીટ રહ્યો હતો. પીસડિલના સથવારે અને ગ્લોબલ રિસ્ક ઓન એસેટ કહેતા ઈમર્જિંગ શેરબજારો, બુલિયનમાં તેજીના કમબેકથી ભારતીય શેરો તેમજ રૂપિયાને પણ સપોર્ટ મળ્યો હતો. એફઆઈઆઈ ભારતીય શેરબજારમાં હજૂ પણ વેચવાલ છે પણ એની સામે સ્થાનિક સંસ્થાઓ, એઆઈએફ, મ્યુ ફંડ, ફેમિલી ઓફિસ વગેરે સ્થાનીક શેરોમાં ડિપ બાયર દેખાય છે. સરકારે રૂપિયાની નરમાઈ રોકવા ફોરવર્ડ ડોલર સ્વેપ કર્યા પછી હવે ફોરિન કરન્સી ડોલર ડિપોઝિટને પરવાનગી આપી છે. આ યોજનામાં એનઆરઆઇ ૭ ટકા સુધી વ્યાજ મેળવી શકશે. એફસીએનઆર રુટથી અંદાજે ૪૦-૪૫ અબજ ડોલર જેટલા નાણાં આવી શકે છે. ૧૦૦ દિવસથી હોરમુઝ બંધ હોવા છતા ભારતનો જીડીપી વિકાસદર વિશ્વમાં સૌથી બેસ્ટ, ૬.૫ ટકા આસપાસ છે એમ વર્લ્ડ બેન્ક કહે છે. એઆઇ મેનિયા પુરબહારમાં ખીલ્યો છે. સ્પેસ એક્સનો ૭૫ અબજ ડોલરનો આઈપીઓ ૧૩૫ ડોલરે ઓફર થયા પછી ૧૫૦ ડોલરે લિસ્ટિંગ થઈ ૧૬૦ ડોલરે બંધ રહ્યો છે. પહેલા દિવસે સ્પેસએક્સનું માર્કેટકેપ ૨.૧ ટ્રિલિયન ડોલર થયું છે.

એલોન મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયોનેર બન્યા છે. હવે એન્થ્રોપિક, ઓપન એઆઇ વગેરે એઆઇ કંપનીઓના મેગા આઈપીઓ પર બજારની નજર છે.

આગામી બુધવારે ફેડની બેઠક છે. નવા ચેરમેન કેવીન વોર્શની આ પહેલી મીટીંગ છે. નાણાંનીતિ મામલે ફેડનું ફોરવર્ડ ગાઈડન્સ કેવુ રહે એ જાણવા બજારો ઉત્સૂક છે.

**ફેડની નાણાંનીતિ, એશિયામાં અલ નીનો, અમેરિકામાં મોંઘવારી શોર્ટ ટર્મ વાઈલ્ડ કાર્ડ**



જીઓપોલિટિક્સ મામલે ટ્રમ્પે ગત સપ્તાહે કહ્યું હતું કે અમેરિકા-અને ઈરાન વચ્ચે રવિવારે પિસ ડિલ થશે. સોમવારે હોરમુઝ ખૂલી જશે, જો કે રવિવારે સાંજ સુધી પીસડિલ અધ્ધરતાલ જ છે. ઈરાને એવું કહ્યું છે કે તેઓ હજૂ તો અમેરિકી પ્રપોઝલ વાંચી રહયા છે. દરમિયાન શનિવારે યુક્રેને રશિયાના કેમિકલ પ્લાન્ટ પર હુમલો કર્યાના અને ઇઝરાયેલે લેબેનોન પર હુમલો કર્યાના સમાચારો મળે છે એ જોતા આજે ક્રુડ ઓઈલમાં ઉછાળો આવી શકે.

ભારતીય બજારોની વાત કરીએ તો ગ્લોબલ રિસ્ક એસેટના રિબાઉન્ડનો લાભ નિફટી અને રૂપિયાને પણ મળ્યો છે. શુક્રવારે સેન્સેક્સ ૧૬૦૦ પોઈન્ટ વધ્યો હતો. આરબીઆઈએ ફુગાવાનો અંદાજ ૪.૬ ટકાથી વધારીને ૫.૧ ટકા કર્યો છે. ચોમાસાની શરુઆત મોડી અને અનિયમીત થઈ છે. જૂલાઈ-ઓગષ્ટમાં વરસાદ કેવો રહે છે તેમજ ગલ્ફ-યુક્રેનમાં ટકાઉ શાંતી ક્યારે આવે એના પર પીસ ડિવિડંડની તેજીનો આધાર છે. ટ્રમ્પના ટ્રુથ સોસયલ પર ક્રુડ ક્રિપ્ટો,પંસંદગીના ટેકનોલોજી સેક્ટર અંગે પ્રાઈસ સેન્સીટીવ ટિપ્પણી પછી તરત જે તે એસેટમાં મોટી વધઘટ આવે છે. એવરીથિંગ ઈઝ રિગ્ડ ઈકોનોમીમાં પણ ક્યાક તો તક મળે, તકોનો દુકાળ નથી હોતો. ઘરઆંગણે બજાર સ્ટેબલ થયા છે. એફઆઈઆઈનું સેલીંગ લગાતાર ચાલુ છે પણ હવે લોકલ ડીઆઈઆઈ, રિટેલ ઈન્વેસ્ટરોની એસઆઈપી, એઆઈએફ, ફેમીલી ઓફિસનું ડીપ બાઈંગ જોતા હોરમુઝ પીસ ડિલ કે ચોમાસાની પ્રગતી વેગ પકડે તો બજારોમાં સ્પ્રિંગ જેવો ઉછાળો આવી શકે. ડિઝલના વેચાણ પર રેશનીંગ, ઈંધણના ભાવોમાં તબક્કાવાર ભાવવધારો ફલેક્સ ફ્યુલને એકસાઈઝમાંથી મુક્તિ વગેરે મલ્ટિપલ સ્ટ્રેટેજી અપનાવી સરકાર ઉર્જાકટોકટી

**બિરેન વકીલ**

હળવી કરવા સતત કાર્યરત છે.

મેક્રોલેવલે રિઝર્વ બેન્કે તાજેતરની મિટિંગમાં રેપોરેટ યથાવત રાખ્યા હતા. ક્રેડિટ ઓફટેક સારો છે. સરકારો ફિસ્કલ ઈઝિંગ પણ સપોર્ટ કરી રહી છે, ઓટો, બેન્કિંગ, એનર્જી શેરો લાઈમલાઈટમાં છે.

શેરબજારો તેમજ કોમોડિટી બજારો માટે સૌથી મોટુ લોકલ ટ્રિગર ચોમાસુ અને અલ નીનો ફેકટર છે. ચોમાસાનો આરંભ થોડો મોડો થયો છે. દક્ષિણ ભારત અને પૂર્વભારતમાં વરસાદ સંતોષકારક છે. પણ મધ્ય ભારત, નોર્થ તેમજ પ. ભારતમાં વરસાદ ૨૦-૩૦ જૂવ આસપાસ આવવાની અને અનિયમીત રહેવાની આશંકા છે. અલ નીનો ઝડપથી સક્રિય થઈ રહ્યુ છે એ જોતા ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં એમપી-મરાઠાવાડા-ગુજરાત અને રાજસ્થાનના અમુક ભાગોમાં વરસાદ અપૂરતો રહેવાના અનુમાનો વૈશ્વિક વેધર એજન્સીઓ કરે છે. અપૂરતો વરસાદ આવે તો મગફળી, ચોખા, મકાઈ, શેરડી જેવા પાકોના ઉત્પાદન પર વિપરીત અસર પડી શકે, એરંડા, ગવાર, સોયાબીન, કપાસ પરત્વે ઝુકાવ વધે. હાલમાં કપાસ અને મગફળી વાવેતરમાં હોટ ફેવરીટ છે.

બુલિયનની વાત કરીએ તો લંડન સોનું ૪૩૦ ડોલરથી પછીથી ૨૨૦ ડોલર રિબાઉન્ડ થયું. ચાંદી ૬૧.૪૬ થઈને ૬૮ ડોલર સુધી રિબાઉન્ડ થઇ. રૂપિયોના સ્તેર મજબૂત બંધ થયો.

વિશ્વ બજારમાં આગામી બુધવારે ફેડ કદાચ રેટ યથાવત રાખશે પણ આગળ પર એકાદ હાઈક આવી શકે. જો કે સૌથી મોટું વાઈલ્ડ કાર્ડ જાપાન છે. યુરોપમાં આગળ પર રેટ હાઈક લગભગ નક્કી છે. જાપાનમાં ફુગાવો મચક ન આપતો હોઈ જાપાન એક ટકા જેવો મોટો વ્યાજદર વધારો કરે એવો ભીતિ છે. હાલમાં જાપાન મિડલ પાવર્સ- મધ્યમ કક્ષાના દેશોમાં સુપર પાવર છે. જાપાનમાં મોટો રેટહાઈક અમેરિકા કે ઈસીબીને પણ રેટહાઈક કરવા મજબૂર કરી શકે છે.

## ઈરાન યુદ્ધ અટકવાથી ભારતીય કોર્પોરેટ કંપનીઓને મોટી રાહત

અમેરિકાએ શુક્રવારે જાહેર કર્યું કે ઈરાન સાથે શાંતિ કરાર નજીક છે અને યુદ્ધ બંધ થઈ રહ્યું છે, જેના કારણે ઊર્જાના ભાવ, નૂર ભાડું અને સપ્લાય-ચેઈનમાં અવરોધો અંગેની ચિંતાઓ હળવી થઈ છે. આ સમસ્યાઓ છેલ્લા ત્રણ મહિનાથી વધુ સમયથી વ્યવસાયો પર બોજ બની રહી હતી. હવે ભારતીય કોર્પોરેટ જગત નાણાકીય વર્ષ 2027માં વધુ સ્થિરતાની આશા રાખી રહ્યું છે.

ઉદ્યોગ જગતના અગ્રણીઓએ જણાવ્યું હતું કે આ કરાર, જે આગામી સપ્તાહમાં થઈ શકે છે, તે આ વર્ષે કંપનીઓ સામેના સૌથી મોટા બાહ્ય જોખમોમાંથી એકને દૂર કરે છે. આનાથી કોમોડિટીના ભાવ, લોજિસ્ટિક્સ ખર્ચ અને મૂડી ફાળવણીની યોજનાઓ પર સ્પષ્ટતા વધવાની અપેક્ષા છે. પેકેજિંગ ખર્ચ, જે ઉદ્યોગના અધિકારીઓના અંદાજ મુજબ 28 ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયો ત્યારથી 60-70% વધી ગયો હતો, તેમાં પણ ઘટાડો થવાની સંભાવના છે.

શાંતિ કરારની આ પહેલને પગલે શુક્રવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ 5% થી વધુ ઘટીને માર્ચ મહિના પહેલાના સ્તર એટલે કે બેરલ દીઠ $85.80 પર આવી ગયો હતો. આ ઘટનાક્રમ ભારત માટે ખાસ કરીને મહત્વનો છે, કારણ કે ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના 85% થી વધુ આયાત કરે છે અને ગલ્ફ (અખાત)ના દરિયાઈ માર્ગો પર ખૂબ નિર્ભર છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોની આશંકાએ બજારોને હચમચાવી દીધા હતા અને એફએમસીજી (FMCG), કન્ઝ્યુમર ડ્યુરેબલ્સથી લઈને એવિએશન અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં બિઝનેસ પ્લાનિંગ મુશ્કેલ બનાવી દીધું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂરાજકીય તણાવ હળવો થવાથી



કન્ઝ્યુમર ડ્યુરેબલ કંપનીઓએ આ વર્ષે જાન્યુઆરી અને એપ્રિલ વચ્ચે બે વાર ભાવવધારો કર્યો હતો.

જાન્યુઆરીનો વધારો સુધારેલા એનર્જી-એફિશિયન્સી નિયમો સાથે જોડાયેલો હતો, જ્યારે એપ્રિલનો વધારો ઈરાન સંઘર્ષને કારણે વધેલી કોમોડિટી મોંઘવારીને લીધે હતો. જો યુદ્ધ વધુ ખેંચાયું હોત, તો વધુ એક ભાવવધારો અનિવાર્ય બન્યો હોત.

આ સંઘર્ષ ભારતીય ઉદ્યોગ જગત માટે એક મુખ્ય ચિંતા તરીકે ઉભરી આવ્યો હતો, જેણે એવા સમયે ક્રૂડના ભાવોમાં સતત અસ્થિરતા અને સપ્લાય-ચેઈનની સમસ્યાઓનો ડર વધાર્યો હતો જ્યારે કંપનીઓ પહેલાથી જ ગ્રાહકોની અસમાન માંગ અને હવામાન સંબંધિત અનિશ્ચિતતાઓનો સામનો કરી રહી હતી. નિકાસકારો અપેક્ષા રાખે છે કે આ કરારથી ફ્રેટ રેટ, મરીન ઈન્સ્યોરન્સ પ્રીમિયમ અને ડિલિવરીના સમયપત્રક પરનું દબાણ ઓછું થશે, જે તમામ સંઘર્ષ દરમિયાન અત્યંત અસ્થિર બની ગયા

**ઈકોનોમી ઈન્સાઈડર**

હતા. Federation of Indian Export Organisations (FIEO)ના ડાયરેક્ટર જનરલ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અજય સહાયે જણાવ્યું હતું કે, નિકાસકારો અમુક સમય માટે વધુ

**ભૂરાજકીય તણાવ હળવો થવાથી કંપનીઓ પોતાનું ધ્યાન ખર્ચ વ્યવસ્થાપન અને કટોકટી આયોજન પરથી હટાવીને ગ્રોથ સ્ટ્રેટેજી અને બિઝનેસ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત કરી શકશે**

કંપનીઓ પોતાનું ધ્યાન ખર્ચ વ્યવસ્થાપન અને કટોકટી આયોજન પરથી હટાવીને ગ્રોથ સ્ટ્રેટેજી અને બિઝનેસ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત કરી શકશે. વ્યવસાયો માટે અને ખાસ કરીને ભારત જેવા ઊર્જાની આયાત કરતા અર્થતંત્રો માટે આ એક આવકારદાયક બાબત છે તેમ ડાબરના ગ્લોબલ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મોહિત મલ્હોત્રાએ જણાવ્યું હતું.

ભૂરાજકીય અનિશ્ચિતતા ઘટવાથી રોકાણકારોનો આત્મવિશ્વાસ વધશે, પ્લાનિંગમાં સ્પષ્ટતા આવશે અને કોમોડિટી બજારોમાં વધુ સ્થિરતા લાવવામાં મદદ મળશે. વધતા કોમોડિટી અને લોજિસ્ટિક્સ ખર્ચથી સૌથી વધુ પ્રભાવિત થયેલી ગ્રાહક-લક્ષી કંપનીઓનું કહેવું છે કે જો સંઘર્ષ લાંબો ચાલ્યો હોત, તો કિંમતોમાં ફરી એકવાર વધારો કરવો પડ્યો હોત. "ગલ્ફ ક્ષેત્રમાં તણાવ ઓછો થાય તે આવકાર્ય છે. ઈરાન યુદ્ધના કારણે બિઝનેસમાં મોટો અવરોધ ઊભો થયો હતો," તેમ હાયર એપ્લાયન્સીસ ઈન્ડિયાના સીઈઓ એનએસ સતીષે જણાવ્યું હતું.

ખર્ચ સહન કરી શકે છે, પરંતુ ફ્રેટ, ઈન્સ્યોરન્સ અને ટ્રાન્ઝિટ ટાઈમ અંગે લાંબી અનિશ્ચિતતા પ્લાનિંગને મુશ્કેલ બનાવી દે છે. આ પ્રદેશમાં વધુ સ્થિરતા આવવાથી વેપારના પ્રવાહને વેગ મળશે અને બિઝનેસ કોન્ફિડન્સ સુધરશે.

એવિએશન, લોજિસ્ટિક્સ, કેમિકલ્સ, પેઈન્ટ્સ, એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ્સ અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રો ઊર્જાના ભાવોની અસ્થિરતા ઘટવાથી સૌથી મોટા લાભાર્થીઓ બને તેવી અપેક્ષા છે.

પેઈન્ટ્સ અને એફએમસીજીની કેટલીક કંપનીઓએ વધતા ઈનપુટ ખર્ચને સરભર કરવા માટે પહેલેથી જ પસંદગીના ઉત્પાદનોમાં ભાવવધારો શરૂ કરી દીધો હતો, જ્યારે એરલાઈન્સ ઈંધણના ભાવમાં અસ્થિરતાને પહોંચી વળવા ભાડામાં ફેરફાર કરી રહી હતી. વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, ઈંધણ, પેકેજિંગ અને ફ્રેટ ખર્ચમાં ઘટાડો થવાથી કંપનીઓના માર્જિનને સપોર્ટ મળી શકે છે અને સાથે જ વિવિધ ક્ષેત્રોમાં ફુગાવાનું દબાણ પણ હળવું થઈ શકે છે.

## ઈંધણના વધતા ભાવથી ભારતીયોનો મૂડ ઈલેક્ટ્રીક વાહનો તરફ વળ્યો

ઈરાન યુદ્ધને કારણે ઈંધણના વધતા ભાવે ભારતીય કાર માર્કેટની દિશા સંપૂર્ણપણે બદલી નાખી છે. ચાર્જિંગ અને મોંઘા ભાવની ચિંતા છોડીને લોકો હવે ઝડપથી ઈલેક્ટ્રિક વાહનો ખરીદી રહ્યા છે. ડિમાન્ડ એટલી વધી ગઈ છે કે ગ્રાહકોને મારૂતિ, ટાટા અને મર્સિડીઝ જેવી લક્ઝરી કાર માટે ત્રણ મહિના સુધી રાહ જોવી પડી રહી છે.

ઈરાન યુદ્ધને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આગ લાગવાથી ભારતીય કાર ખરીદદારોને એવો ફટકો લાગ્યો છે જેની ઓટો કંપનીઓને પણ આશા નહોતી. ગઈકાલ સુધી, ભારતીય ગ્રાહકો કે જેઓ ચાર્જિંગ સ્ટેશનના અભાવ અને ઊંચા ભાવને કારણે ઈલેક્ટ્રિક કારથી પોતાને દૂર રાખતા હતા, આજે તે જ લોકો શોરૂમની બહાર લાઈનમાં ઉભા છે. દેશમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ એટલી તોફાની ગતિએ ચાલી રહ્યું છે કે કંપનીઓ વાહનો બનાવીને થાકી ગઈ છે, પરંતુ માંગ ઘટવાનું નામ લઈ રહી નથી. સ્થિતિ એ છે કે લોકોને હવે અઠવાડિયાઓ સુધી નહીં, પરંતુ



મારૂતિ સુઝુકીથી માંડીને મર્સિડીઝ બેન્ઝ સુધીની કરોડો રૂપિયાની ગાડીઓ માટે લોકોને અઠવાડિયાઓ નહીં,

**ઓટો વોચ**

લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. બજારનો મૂડ હવે સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. કંપનીઓએ હવે વાહનો વેચવા માટે ઓફર કરવાની જરૂર નથી, પરંતુ ગ્રાહકો પોતે વિનંતી કરી રહ્યા છે.

આ અનિયંત્રિત ગતિની સૌથી મોટી અસર લક્ઝરી કાર સેગમેન્ટ પર જોવા મળી છે. મર્સિડીઝ બેન્ઝ અને બીએમડબલ્યુ જેવી દિગ્ગજ કંપનીઓ દ્વારા ભારત માટે વર્ષ માટે નિર્ધારિત ક્વોટા થોડા મહિનામાં સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે. મર્સિડીઝ બેન્ઝ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટરનું કહેવું છે કે માર્ચથી બેટરીથી ચાલતી ઈલેક્ટ્રિક કારની માંગમાં 40 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. એપ્રિલમાં કંપની દ્વારા લોન્ચ કરવામાં આવેલી તેની અદભૂત સીએલએ ઈલેક્ટ્રિક સેડાનની માંગે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. પરિસ્થિતિ એ છે કે ડીલરોએ આ કાર માટે નવી બુકિંગ લેવાનું બંધ કરી દીધું છે કારણ કે પહેલાથી જ બેથી ત્રણ મહિનાનો પ્રતીક્ષા સમયગાળો છે. હવે કંપની તેના વિદેશી મુખ્યાલયને વિનંતી કરી રહી છે કે ભારત માટે વધુ વાહનો ફાળવવામાં આવે. બીએમડબલ્યુ ગ્રુપ ઈન્ડિયાની પણ આવું જ હાલત છે. કંપનીના પ્રમુખ હરદીપ સિંહ બ્રારે જણાવ્યું હતું કે તેઓએ આ વર્ષની શરૂઆતમાં વર્ષ 2026ના છેલ્લા મહિનાઓ માટે સાચવેલા સ્ટોકનો ઉપયોગ કરી દીધો છે. બીએમડબલ્યુના કુલ વેચાણમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો ડિસેમ્બરમાં માત્ર 21 ટકાથી વધીને મે

**ઈલેક્ટ્રીક વાહનોની માગ એટલી વધી કે ગ્રાહકોને ત્રણ મહિનાનું વેઈટીંગ કરવું પડે છે**

મહિનામાં રેકોર્ડ 33 ટકા થયો છે.

ઈલેક્ટ્રિક સેગમેન્ટમાં ધીમી શરુઆત કરનારી સામાન્ય માણસની ફેવરિટ કાર કંપની મારુતિ સુઝુકી હવે આ રેસમાં મોખરે પહોંચવા માટે આતુર છે. મારુતિની નવી ઈ-વિટારા એસયુવીનું બુકિંગ છેલ્લા એક મહિનામાં બમણું થઈ ગયું છે અને તેના પર છથી આઠ અઠવાડિયાનો વેઈટિંગ પિરિયડ છે.

મારુતિ સુઝુકીના માર્કેટિંગ અને સેલ્સના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસરનું માનવું છે કે મધ્ય પૂર્વમાં આ તણાવ ગ્રાહકો માટે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવા માટે એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે રાતોરાત ઉત્પાદન વધારી શકાય તેમ નથી, જોકે ગુજરાતના હાંસલપુરમાં કંપનીની ચોથી પ્રોડક્શન લાઈન આ જુલાઈથી શરૂ થશે, જેનાથી ગ્રાહકોને થોડી રાહત મળવાની અપેક્ષા છે.

બીજી તરફ, ગ્રાહકોને ટાટા મોટર્સની લોકપ્રિય પંચ અને ટિયાગો ઈવી ઘરે લઈ જવા માટે લગભગ છ અઠવાડિયા રાહ જોવી પડશે. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સના મેનેજિંગ ડિરેક્ટરે એક ચોંકાવનારો આંકડો શેર કર્યો છે કે કંપનીને ઈલેક્ટ્રિક કારની કુલ કારની માંગના 30થી 33 ટકા મળી રહી છે, જ્યારે સપ્લાય ચેઈનના મુદ્દાઓને કારણે તેઓ માત્ર 15 થી 16 ટકા વાહનો પહોંચાડી શકે છે. એટલે કે સ્પષ્ટ છે કે હવે દેશમાં ઈવી ખરીદનારાઓની અછત નથી, પરંતુ કંપનીઓ પાસે વાહનો બનાવવા માટે વાહનોની અછત પડી રહી છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની નવી XEV 9eમાં પણ વેરિઅન્ટના આધારે છથી આઠ અઠવાડિયાની લાંબી કતાર છે. તે જ સમયે, જેએસડબ્લ્યુ એમજી મોટરની વિન્ડસર અને ઝેડએસ ઈવી જેવા વાહનો, જે થોડા સમય પહેલા સુધી શોરૂમમાં જતાની સાથે જ ઉપલબ્ધ હતા, તે પણ આજે એક મહિનાની રાહ જોઈ રહ્યા છે.

જેએસડબ્લ્યુ એમજી ડીલરે ખૂબ જ સચોટ રીતે કહ્યું હતું કે હવે બજાર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. અગાઉ, કંપનીઓ ગ્રાહકોને ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા માટે સમજાવતી હતી, પરંતુ હવે ગ્રાહકો જાતે જ આવી રહ્યા છે અને જાતે જ ઈવી અપનાવી રહ્યા છે. ભારતીય ઓટોમોબાઈલ જગતના ઈતિહાસમાં આ એક મોટા પરિવર્તનની શરૂઆત છે.

## નાણાકીય રોકાણનો વ્યાપ વધતા મહિલાઓની ભાગીદારીમાં પણ વધારો

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય રોકાણ પ્રત્યે લોકોમાં જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો છે. પરંપરાગત બચત પદ્ધતિઓ જેવી કે સોનું, જમીન અને બેંક ડિપોઝિટની સાથે હવે લોકો મ્યુચ્યુઅલ ફંડ, શેર બજાર અને અન્ય ફાઈનાન્શિયલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ તરફ ઝડપથી વળી રહ્યા છે. ખાસ કરીને ઝેન જીમાં આ વલણ વધુ સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું છે.

આ પરિવર્તનમાં સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે મહિલાઓની ભાગીદારી પણ સતત વધી રહી છે. અગાઉ નાણાકીય નિર્ણયો મુખ્યત્વે પુરૂષો સુધી મર્યાદિત હતા, પરંતુ હવે મહિલાઓ પણ પોતે રોકાણ કરવા લાગી છે અને આર્થિક રીતે વધુ સશક્ત બની રહી છે. આમ છતાં, રોકાણની દ્રષ્ટિએ હજુય 28 ટકા જેટલી મહિલાઓ દૂર રહે છે, જેઓ બિલકુલ રોકાણ કરતી નથી, જેની સામે પુરૂષનો આંકડો 19 ટકા

**ઓફ-બીટ**

જ છે. રોકાણથી સંપુર્ણપણે દુર રહેતા લોકોની કુલ સંખ્યા વર્ષ 2019માં 33 ટકાથી લઈને માર્ચ 2026 સુધીમાં 23 ટકા થઈ છે, જે મોટો ઘટાડો દર્શાવે છે.

તાજેતરના અહેવાલો અનુસાર, દેશના વિવિધ શહેરોમાં મહિલાઓ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ અને સ્ટોક માર્કેટમાં કરવામાં આવતા રોકાણમાં 20-30 ટકા સુધીનો વધારો નોંધાયો છે. આ પરિવર્તન માત્ર શહેરી વિસ્તારોમાં જ નહીં, પરંતુ ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં પણ જોવા મળી રહ્યું છે.

મહિલાઓમાં આ બદલાવ પાછળ ઘણા કારણો જવાબદાર છે. શિક્ષણમાં વધારો, ડિજિટલ પ્લેટફોર્મ્સની સરળ ઉપલબ્ધતા અને ફાઈનાન્શિયલ લિટરેસી પ્રોગ્રામ્સના પ્રભાવને કારણે હવે મહિલાઓ રોકાણના વિકલ્પો સારી રીતે સમજવા લાગી છે. મોબાઈલ એપ્સ અને ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ્સે



રોકાણને સરળ અને સગવડભર્યું બનાવી દીધું છે.

બીજી તરફ, યુવા પેઢી પણ પરંપરાગત બચત કરતાં વધુ રિટર્ન આપતા વિકલ્પો તરફ આકર્ષાઈ રહી છે. લાંબા ગાળાના ફાઈનાન્શિયલ ગોલ્સ જેમ કે ઘર ખરીદવું, બાળકોનું શિક્ષણ અને નિવૃત્તિ માટે હવે લોકો સજાગ રીતે આયોજન કરી રહ્યા છે.

વિશેષજ્ઞોના મત મુજબ, આ વધતી રોકાણ સંસ્કૃતિ દેશની આર્થિક વૃદ્ધિ માટે સકારાત્મક સંકેત છે. જ્યારે વધુ લોકો ફાઈનાન્શિયલ માર્કેટ્સમાં જોડાય છે, ત્યારે મૂડી પ્રવાહ વધે છે, જે ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે અને રોજગારીના નવા અવસર ઉભા કરે છે.

પરંતુ, આ સાથે જ જોખમની સમજણ પણ એટલી જ જરૂરી છે. શેરબજારમાં ઉતાર-ચઢાવ સામાન્ય બાબત છે, તેથી રોકાણકારોએ યોગ્ય માર્ગદર્શન અને સંશોધન સાથે જ પગલાં ભરવા જોઈએ. ખાસ કરીને નવા રોકાણકારો માટે ફાઈનાન્શિયલ એડવાઈઝરની મદદ લેવી લાભદાયક બની શકે છે.

સરકાર અને નાણાકીય સંસ્થાઓ પણ રોકાણ પ્રત્યે જાગૃતિ વધારવા માટે સતત પ્રયાસ કરી રહી છે. વિવિધ અભિયાન અને શિક્ષણ કાર્યક્રમો દ્વારા લોકોમાં બચતથી રોકાણ તરફ વલણ વધારવામાં આવી રહ્યું છે. આ રીતે, દેશમાં વધતી નાણાકીય સક્રિયતા અને મહિલાઓની વધતી ભાગીદારી એક નવી આર્થિક ક્રાંતિ તરફ ઈશારો કરે છે. જો આ વલણ યથાવત રહેશે, તો આગામી વર્ષોમાં ભારતનું ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે.

બીજી તરફ, આર્થિક દ્રષ્ટિકોણમાં નાના શહેરોની સ્થિતિ હજુય ચિંતાજનક બની રહી છે. જ્યાં સુવિધાઓ અને આર્થઈક સમજણના અભાવે દર 10માંથી 5 મહિલાઓ રોકાણથી વંચિત છે. નાના શહેરોમાં રોકાણ ન કરનારી મહિલાઓનો દર 21 ટકા છે, જ્યારે પુરૂષોમાં આ આંકડો માત્ર 16 ટકા છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે નવી પેઢી એટલે કે યુવા પેઢીમાં પણ કામકાજ કરતી 18 ટકા યુવતિઓ દુર છે, જે પુરૂષોના 13 ટકા કરતા વધુ છે.

મહત્વની બાબત એ છે કે, આર્થિક ઉથલપાથલના માહોલ વચ્ચે ભારતીય રોકાણકારો માટે સોનુ સૌથી સુરક્ષિત આશરો સાબિત થઈ રહ્યું છે. સોનાના સતત વધતા ભાવો છતાં તેમાં રોકાણ કરનારાની સંખ્યા 18 ટકાથી બમણા જેટલી વધીને હવે 28 ટકા પર પહોંચી ગઈ છે, જ્યારે તેની સરખામણીએ બોન્ડસ કે કોર્પોરેટ એફડી જેવા પરંપરાગત વિકલ્પો લોકોને આકર્ષવામાં નિષ્ફળ રહ્યા છે અને માત્ર 13 ટકા લોકોએ જ તેમાં રસ દાખવ્યો છે. રોકાણની પસંદગી બાબતે પણ મહિલા અને પુરૂષના વલણમાં સ્પષ્ટ વિભાજન જોવા મળી રહ્યું છે. મહિલા રોકાણકારો શેરબજારના જોખમોથી બચીને ગોલ્ડ ઈટીએફ અને ફિઝિકલ સોનામાં નાણાં રોકવાનું વધુ પસંદ કરે છે. જ્યારે પુરૂષો સોનાના બદલે સીધા શેર્સ તેમજ ઈક્વિટી બજારમાં રોકાણ કરી રહ્યા છે.

**મહિલાઓની પ્રથમ પસંદગી સોનુ છે, જ્યારે પુરૂષો ઈક્વિટી શેરોમાં રોકાણ કરતા હોય છે**

## હાલની વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે ભારતીય શેરબજારમાં તેજીની સંભાવના વધુ

ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવ દૂર થવાની ખુબ જ નજીક છે, તેવું લાગી રહ્યું છે પણ અગાઉ પણ ડીલની ખૂબ નજીક પહોંચ્યા બાદ ફલોપ શો થઈ ચુક્યો છે, જેથી હજુય રોકાણકારોને હજુય આ ડીલ અંગે કોઈ વિશ્વાસ દેખાતો નથી.

પશ્ચિમ એશિયાના તણાવને દુર કરવા માટે અમેરિકા અથાગ પ્રયાસ કરી રહી છે, જેના માટે અમેરિકાને ભીંસમાંથી બહાર લાવવા હવાતિયા મારી રહ્યા છે. દર સપ્તાહના અંતે ટ્રમ્પ અમેરિકાની ઈરાન સાથે યુદ્ધના અંતની ડીલ થવાની નજીક હોવાના નિવેદન કરતા રહે છે અને પછી ઈરાન આવી કોઈ ડીલની વાત નથી તેમ કહીને વાતને ફગાવી દે છે. જેના લીધે ક્રુડના ભાવમાં ભારે ઉથલપાથલ જોવા મળે છે. જેના પરિણામે શેરબજારમાં તેજી-મંદી જોવા મળી રહી છે.



ડામ આપવાની ફરજ પડી રહી છે.

એક તરફ સરકાર વિકાસની વાતો કરી રહી છે, પણ આ વિકાસ હવે વિનાશ બની રહેવાની અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ખાસ રોડ ઈન્ફ્રા ક્ષેત્રે થયેલું મોટું મુડીરોકાણ આરંભી દીધા છે, જેથી રૂપિયાનું ધોવાણ અટકે. આમ છતાં પાછળથી રૂપિયો ફરીથી નબળો પડી રહ્યો છે.

અમેરિકાના ડીલની જાહેરાતની પાછળ ઈરાને ફરીથી ઈન્કાર કરી દેતાં તેજીના ફુંફાડા સાથે હજુય

**માર્કેટ વોચ**

**તેજીના પવનનો ફુંફાડો જળવાઈ રહેશે કે કેમ તે અમેરિકા-ઈરાન યુદ્ધ વિરામના ડીલ પર નિર્ભર**

ઈરાન-અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધ થયું ત્યારથી શેરબજારમાં બેઉતરફી વધઘટ થાય છે, જેમાં ઘણી વખત સારા સમાચારની પાછળ તેજીનો ફુંફાડો જોવા મળે છે, પણ અત્યાર સુધી દરેક વકત ક્ષણજીવી નીવડ્યા છે, જે બજાર વધ્યા ભાવથી નીચે ઘટે છે. જેના લીધે બજારનું વેલ્યુએશન વધુ ડામાડોળ થતું જોવાઈ રહ્યું છે.

ગત સપ્તાહે જણાવેલું છે કે, વિશ્વ અસાધારણ અસહ્ય મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. મોંઘવારીનો દાનવ અનેક દેશોને ભરખી જવાની તૈયારીમાં છે. ભારતમાં પણ ઈરાન યુદ્ધના કારણે ક્રુડ ઓઈલના પુરવઠા પર પડેલી અસરના લીધે સરકારે પેટ્રોલ-ડિઝલના ભાવ સાથે એલપીજીના ભાવમાં સતત વધારો કરીને પ્રજાને જોખમમાં મુકાય જવાની સ્થિતિમાં છે.

ક્રુડ ઓઈલનો સ્ટોક ઓછો થઈ રહ્યો છે અને હવે સરકારના મંત્રીઓ પણ ઈંધણની કટોકટી સર્જાવાની પુરી શક્યતા અને હવે અલનીનોના કારણે વરસાદ ઓછો થવાનું અને કેટલાક રાજ્યોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાવાનું જોખમ જોતાં આગામી સમય કૃષિ ક્ષેત્ર માટે પડકારરૂપ બની જવાની અને અન્નની અછત મોંઘવારી અસાધારણ વધારો કરનાર નીવડી શકે એવી શક્યતા જોતા વિકાસની અધોગતિનું જોખમ પુરે પુરું રહેલું છે.

ભારત સરકારે દેશમાં હુંડિયામણની તિજોરી ખાલી થતી જઈ રહી છે, જેથી વિદેશી રોકાણનો પ્રવાહ વધારવા માટે પ્રયાસો વૈશ્વિક ઉથલપાથલ ચાલુ રહેવાની શક્યતાએ શેરોમાં ખરીદીમાં લલચાઈ જવું હિતાવહ નથી. આમ, ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ ચાલુ રહેશે. આ દરમિયન ડીલ થઈ જશે તો શેરબજારમાં તેજીનો પવન ફુંકાશે, જેથી નિફ્ટી 23950 અને 22800 પોઈન્ટની વચ્ચે જોવા મળી શકે છે. જ્યારે સેન્સેક્સ 74350થી 76500 પોઈન્ટની વચ્ચે અથડાતો જોવા મળશે.

આ દરમ્યાન આગામી સપ્તાહમાં ભારતીય શેરબજારમાં વીકલી એક્સપાયરી વધુ તોફાની રહી શકે છે, જેમાં હાલની સ્થિતિએ તેજીની સંભાવના વધુ દેખાઈ રહી છે. જોકે, આવનારા દિવસોમાં પણ સ્ટોક સ્પેશિફિક તેજી રહી શકે છે. હજુય ઈન્ડેક્સ બેઝડ તેજી-મંદી રહેશે.